બીજાનું ભલું કરવું
એ વૃત્તિ અને પ્રવૃત્તિ
એનું નામ ઉદારતા
- સ્વામી શિવાનંદ સરસ્વતી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૮ | ૮ મે ૨૦૧૨, મંગળવાર, વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

## ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાકોનો વાવેતર વિસ્તાર વધશે

### ગત વર્ષ કરતાં વધુ પાંચ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતરનું આયોજન

### કપાસ અને દિવેલાના પાકમાં વિક્રમી વાવેતરના અંદાજો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ખરીફ સીઝન દરમ્યાન ૧,૫૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં પાકની વાવણી અંગેનું આયોજન જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જે ગત વર્ષની તુલનામાં ૫ હજાર હેક્ટર વિસ્તારનો વધારો દર્શાવે છે.

જિલ્લામાં ગત વર્ષે ૧,૫૦,૦૦૦ હેક્ટરમાં વાવેતર કરવાના લક્ષ્યાંક સામે અંદાજે ૧,લાખ ૪૯ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું. જિલ્લામાં કૃષિ ઉત્પાદન વધારવા માટે આ વર્ષે પણ સરેરાશ પાંચ ટકાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

જિલ્લામાં સિંચાઈની સુવિધા નહિવત્ હોવા છતાં પાક-ઉત્પાદનમાં સારો એવો વધારો મેળવી શકાયો છે. ઘઉ, બટાટા અને શાકભાજીના પાકના ઉત્પાદનમાં વધારો સારો એવો નોંધાયો છે. આ વખતે પણ પાકમાં પાંચ ટકા જેટલો વૃદ્ધિ દર રાખવા માટેનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કપાસ ડાંગર (રોપણ), બાજરી, તુવર, મગ, અડદ, ગુવારના પાકોનું તેમજ મગફળી, દિવેલા, વરિયાળીના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેવા અંદાજો છે.


કપાસના પાકનું વાવેતર ગત સિઝનમાં જે ૩૩ હજાર હેક્ટર વિસ્તારમાં થયું હતું તેમાં બે હજાર હેક્ટર જેટલો વધારો આ વખતે થશે તેવો અંદાજ છે. આ ઉપરાંત શાકભાજી તેમજ જુવારનું વાવેતર પણ સારા એવા વિસ્તારમાં થવાના અંદાજ છે. દિવેલાનું વાવેતર પણ ૩૫ હજાર હેક્ટર વિસ્તારમાં થશે તેવા અંદાજો રાખવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં કૃષિ ઉત્પાદનમાં સતત થઈ રહેલા વધારાને કારણે તેમજ પોષણક્ષમ ભાવો મળવાને કારણે ખેડૂતોની આવકમાં સારો એવો વધારો થવા પામ્યો છે. આ વખતે ગરમીનો માહોલ જોતાં સારો વરસાદ થવાની શક્યતાને ધ્યાને રાખી ખેડૂતોએ વાવણી માટેની તૈયારીઓ આરંભી દીધી છે.

જિલ્લામાં આ વખતે કૃષિ પાકોનું વાવેતર વધે તે માટે વિશેષ આયોજનો પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ માટે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેમજ સમયસર ખાતર બિયારણની ઉપલબ્ધિ થાય તે માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં બાગાયત પાકોનું વાવેતર વધે તે માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હોવ્યું છે. આ વર્ષે ૮ હજાર હેક્ટર વિસ્તારમાં બાગાયત અને શાકભાજીના પાકનું વાવેતર થવાના અંદાજ છે. જિલ્લામાં આ વર્ષે વાવેતર વધે તે માટે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ ઉપરાંત ગામની જમીનો ફર્ટીલીટી મેપીંગ જે કરવામાં આવ્યું છે તેને કારણે કઠોળ પાકો અને તેલીબીયાની ખેતીમાં સારો વધારો થશે તેમ તંત્ર માની રહ્યું છે.

ખરીફની સિઝન દરમ્યાન ૨૦થી વધુ પાકોનું વાવેતર થશે તેવા અંદાજો છે.



ગ્રીષ્મનું સૌંદર્ય - ગાંધીનગરમાં ગ્રીષ્મના મધ્યાહ્ને ગરમાળો ખીલી ઉઠ્યો છે... નગરના માર્ગો પર ગરમાળાના ફૂલથી સૌંદર્યમાં વધારો થઈ રહ્યો છે... પ્રકૃતિનો અનોખો વૈભવ માણવાની એક મજા છે... ગ્રીષ્મના મધ્યાહ્ને ગરમાળો અને ગુલમહોર એ આંખને ઠંડક આપે છે. ગાંધીનગરમાં ગરમાળો વ્યાપક પ્રમાણમાં ખીલે છે. ગાંધીનગર, ગ્રીષ્મ, ગરમાળો અને ગુલમહોર એક અનોખો સંયોગ રચાય છે... મે મહિનાની મધ્યાહ્ને ગાંધીનગર ગરમાળા અને ગુલમહોરથી ખીલી ઉઠે છે... (તસવીર : દિપક જાની)

## મનપાની સ્ટેન્ડીંગ કમિટીની ૧૧મીએ બેઠક

### સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની નિમણુંક તેમજ ઝડપી સેવાઓ માટે કેટલાક સોફ્ટવેર ખરીદવાનો નિર્ણય આ બેઠકમાં થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આગામી ૧૧મી મે ના રોજ મહાનગરપાલિકાના સભાખંડમાં બપોરે ૩ વાગે મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન તરીકેની એક વર્ષની મુદત શ્રી પ્રવિણ પટેલની પૂર્ણ થતી હોવાને કારણે આ બેઠકમાં તેમને વધુ એક વર્ષ માટે પુનઃ ચેરમેન તરીકે ચૂંટી કાંઢવામાં આવશે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં ચેરમેનની નિમણુંક ઉપરાંત કોર્પોરેશનની ચાર મહત્વની કામગીરી માટે સોફ્ટવેર ખરીદી બાબતે, કાઉન્સીલરોના વિસ્તારોમાં બાંકડાઓ ફાળવવાની અંદાજપત્રીય જોગવાઈ મુજબ તેની ખરીદી અંગે તેમજ કન્ટેનઈર સીફટીંગ કરી ડમ્પીંગ સાઈટ સુધી પહોંચાડવાના ટેન્ડર બાબતે ચર્ચાઓ કરી નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સફાઈના કામ માટે આઉટ સોર્સીંગની મદદ લેવામાં આવી છે પરંતુ સેક્ટરોમાં મુકાયેલ કન્ટેઈનરો સમયસર નહિ ઉપડતા હોવાની ફરિયાદો વ્યાપક બની હતી આથી હવે કોર્પોરેશને આ કન્ટેઈનરો પણ નિયમીત રીતે સીફટીંગ કરી અને ડમ્પીંગ સાઈટ સુધી પહોંચે તે માટે અલાયદુ ટેન્ડરીંગ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જનસેવા કેન્દ્રમાં જન્મ-મરણ, પેઢી રજીસ્ટ્રેશન, લગ્ન નોંધણી જેવી કામગીરી માટે અલાયદુ સોફ્ટવેર ખરીદવામાં આવશે. આ સોફ્ટવેરને કારણે લોકોને સરળતાથી ઝડપી આ પ્રમાણપત્રો ઉપલબ્ધ બનશે.



મેરે દેશ કી ધરતી - ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં બાજરીનું વાવેતર સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. વર્ષો સુધી દુકાળીયા વિસ્તાર તરીકે જાણીતા થયેલા બનાસકાંઠા વિસ્તારમાં ઉનાળુ પાક હવે સંતોષજનક રીતે ઉતરે છે. કૃષિ મહોત્સવની સાથે સાથે સિંચાઈની વધતી જતી સુવિધા ખેડૂતોની જાગૃતિ અને માળખાકીય મદદથી ખેતરો પાકથી લહેરાઈ રહ્યા છે...

## રાજ્યમાં ત્રાસવાદી ઘુસ્યાની બાતમીના પગલે જડબેસલાક સુરક્ષા

### અમદાવાદ તેમજ જામનગર શહેર લશ્કરે તોઈબાના હિટ લિસ્ટમાં હોવા બાતમી મળ્યા બાદ ઉંડી તપાસ શરૂ થઈ : રાતભર ઉંડી તપાસનો દોર ચાલ્યો

અમદાવાદ,તા ૭

અમદાવાદ અને જામનગર આતંકવાદીઓના હિટ લિસ્ટમાં હોવાની બાતમી મળ્યા બાદ અને ત્રાસવાદી ઘુસ્યાના ખતરાના પગલે સુરક્ષા સંસ્થાઓ ખડે પગે થઈ ગઈ છે. સમગ્ર રાજ્યમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. તમામ જગ્યાઓએ તપાસ થઈ રહી છે. આ ઉપરાંત ચારે મહાનગરમાં આખી રાત પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ અને જામનગરની રિફાઈનરીઓ આતંકવાદીઓના નિશાના પર હોવાની વિગત પણ ઈન્ટલીજન્સ રો દ્વારા આપવામાં આવી છે. જેના પગલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, એટીએસ દ્વારા શંકાસ્પદોની પુછપછ કરવાની કવાયત શરૂ કરી દીધી છે. એટલું જ નહીં પરતં વિવિધ હોટલો, ગેસ્ટ હાઉસમાં ચેકિંગ કરી રેકર્ડ તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ પર તપાસ એજન્સી દ્વારા સઘન તપાસ હાથ ધરવામાંવી છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલા સાયબર કાફેમાંથી દેશદ્રોહની ગતીવિધી કરવા મામલે તપાસ કરતા માલુમ પડ્યું હતુ કે, લાયસન્સ સાબરકાંઠાના હિતેશ છે. ત્યાર બાદ તે રાજકોટના માડિયા મિયાળામાં ટ્રક ડ્રાઈવર હોવાની વિગત પ્રકાશમાં આવતા તેમની પોલીસે અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

## ભાજપ સરકાર ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક નામની સીડી તૈયાર કરશે

### સીડીમાં ગુજરાતના વિકાસની ગાથાઓ રજુ કરાશે : સરકારની સિદ્ધિઓને પણ વર્ણવાશે

ગાંધીનગર, તા. ૭

સમગ્ર દેશના તમામ રાજ્યોમાં વિકાસના પંચે ગુજરાત નં. ૧ હોવાની વિગતો રજુ કરીતી એક સીડી રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે. જે ગુજરાતના ગામડાઓમાં દર્શાવવામાં આવશે. આ સીડીનું નામ ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણી આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો દ્વારા ચૂંટણી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ભાજપ સરકાર દ્વારા તો કૃષી મહોત્સવ રોજગાર પત્ર એનાયત સહિતના કાર્યક્રમો ચૂંટણી પ્રચારના ભાગરૂપે પણ આરંભી દીધો છે. ચૂંટણી પૂર્વે જ ગુજરાતની વર્તમાન ભાજપ સરકાર દ્વારા ઉર્જા સહીતના વિવિધ વિભાગો દ્વારા કરાયેલી કામગીરી અને મેળવેલી સિદ્ધિના કારણે આજે ગુજરાત એક વિકસીત રાજ્ય બન્યું છે.

ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં જે રીતે વિકાસ સાધ્યો છે અને દેશના અન્ય રાજ્યોની સરખામણીએ જે પ્રગતી કરી છે તેના અન્ય રાજ્યોના રાજકીય પક્ષોના આગેવાનોએ પણ આવકારી છે એટલું જ નહિ વિકાસ રાજ્ય તરીકે ગુજરાત નંબર વન હોવાના પણ કેટલાક અન્ય પક્ષોના આગેવાનોએ એકરાર કર્યો છે.

કેટલાક દેશોએ પણ ગુજરાતના વિકાસથી અંજાઈ જઈને ગુજરાતની પ્રશંસા કરી છે. ત્યારે ગુજરાત નંબર વન હોવાનું અને ગુજરાત વિકાસ તરફ દોડી રહ્યુ હોવાની વાત ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેની કવાયત ભાજપ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસ પ્રાપ્ત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે જે ક્ષેત્રોમાં ગુજરાત નંબર વન છે તેની વિગતો દર્શાવતી એક સીડી રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવનારી છે. આ સીડીમાં દેશના અન્ય રાજ્યોના જે જે પક્ષોના આગેવાનોએ તેમજ વિદેશના લોકોએ ગુજરાતના વિકાસની પ્રશંસા કરી છે તે દર્શાવવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસો અગાઉ મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં તમામ મંત્રીઓને તમામ વિભાગની જે જે કામગીરીમાં સિદ્ધિ મેળવી છે તે અંગેની સીડી તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. તમામ વિભાગો દ્વારા સીડી તૈયાર કરવામાં આવ્યા બાદ આ સીડીઓનું પ્રેઝન્ટેશન મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવશે.

TVના રીમોટ મળશે
આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

PTC 5700 જગ્યાઓ
TET-2012
19000 જગ્યાઓ
B.Ed. / PTC + સ્નાતક 13300 જગ્યાઓ
પરીક્ષાની તા. 24.06.2012 | સંપૂર્ણ સાહિત્ય FREE | ફી ₹ 28000 (NR) ₹ 99000 (R)
300+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની 'સીધી ભરતી'
❑ લાયકાત : ગ્રેજ્યુએટ તથા LLB ❑ ઉંમર : 21 થી 35 વર્ષ
❑ વર્ગ શરૂ થવાની તા. 03.05.2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
❑ બેચનો સમય સવારના 7-00 થી 9-00 (સોમથી શુક્ર)
ફી ₹ 18,000/- (P) ₹ 31,000/- (M)
'મેજીસ્ટ્રેટ' LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ
શનિ/રવિની ખાસ બેચ ફક્ત ગાંધીનગર / મહેસાણા શાખામાં જ તા. 5.5.2012 બપોરના 2 થી સાંજના 6 શરૂ થશે...
TCCI EDUCATION PVT. LTD.®
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
ગાંધીનગર 9574004321 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા
પાલનપુર 9574004322 એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા
પાટણ 9574004323 143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા
મહેસાણા 9574004324 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર મંગળવારે રજા
વિસનગર 9574004325 14 પ્રથમ માળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર. દર સોમવારે રજા.
હિંમતનગર 9574004326 બીજો માળ, યામાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ,હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા
TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION'
ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !
ONLINE EDUCATION : 21 નવી શાખાઓ (મધ્ય-દક્ષિણ) ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં !
29.11.2012 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.
હેલ્પલાઈન ટૂંક સમયમાં 9574004328
ટૂંક સમયમાં TCCI શરૂ કરે છે ધોરણ-12 પછી 3 વર્ષનો
'MASTER COURSE' જેથી ભવિષ્યમાં આપનું સ્વપ્ન સાકાર થશે...
COURSE-1 વર્ગ 1/2 અધિકારી માટે (DYSP/DC/મામલતદાર)
COURSE-2 વર્ગ 3 માટે (BANK/LIC/ ગુજરાત સરકાર વગેરે માટે)
COURSE-3 UPSC "IAS" Special Course
GPSC (વર્ગ 1/2) ની જાહેરાત સંભવિત ઓગસ્ટ-2012, 1350 જગ્યાઓ

